# હિસાબ નિયામકશ્રીની કચેરી


NAVSARI AGRICULTURAL UNIVERSITY

Azadi Ka Amrit Mahotsav

વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રીની શાખા

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી - ૩૯૬૪૫૦


**સમય મર્યાદા/ અગત્યનું**

## પરિપત્ર

**વિષય:-માર્ચ-૨૦૨૨ ના નાણાકીય વ્યવહાર માટેનું સમયપત્રક...**

આથી નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તથા ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ પુર્ણ થવાની તૈયારીમાં છે ત્યારે આ છેલ્લા માસમાં નાણાકીય વ્યવહારો સરળ રીતે ચાલી શકે અને છેલ્લા સમયે તકલીફ ઉભી ન થાય તે હેતુસર વિવિધ બીલો રજુ કરવા અંગે નીચે મુજબનું સમયપત્રક તથા સૂચનો બહાર પાડવમાં આવે છે. તેમજ ચાલુ નાણાકીય વર્ષના મજુર મસ્ટર, ફીકસ પગારબીલ પાર્સીગની કામગીરી તા. ૩૧.૩.૨૦૨૨ ના રોજ કચેરી કામકાજના સમય સુધી ચાલુ રાખવાની હોય તે મુજબ અગાઉથી આયોજન કરી સમયસર ખર્ચ થાય તેની તકેદારી રાખવાની રહેશે.

| ક્રમ | બીલોની વિગત | બીલ રજુ કરવાની તારીખ . |
|---|---|---|
| ૧: | મેડીકલ બીલો, એલટીસી, મુસાફરી ભથ્થાના બીલો, પુરવણી પગારબીલો | ૧૮-૩-૨૦૨૨ |
| ૨: | માહે માર્ચ-૨૦૨૨ ના રેગ્યુલર પગારબીલો | ૨૧-૩-૨૦૨૨ |
| ૩: | પેએબલ ડીસી બીલો | ૨૫-૩-૨૦૨૨ |
| ૪: | બુક એડજસ્ટમેન્ટના બીલો | ૨૫-૩-૨૦૨૨ |
| ૫: | બાંધકામને લગતા બીલો | ૨૧-૩-૨૦૨૨ |
| ૬: | તમામ પ્રકારના એડવાન્સો સરભર કરવા તથા એબસ્ટ્રેકટ બીલથી ઉપાડેલ નાણાનું એનપીડીસી બીલ | ૨૮-૩-૨૦૨૨ |

સૂચના:

૧: ગ્રાન્ટની ઉપલબ્ધતા પ્રમાણે બુકએડજસ્ટમેન્ટના બીલો રહી ન જાય તેની ખાસ કાળજી રાખવી. જેથી નવો ખર્ચ કરતા પહેલા સૌ પ્રથમ બુકએડજસ્ટમેન્ટના બીલોને પ્રાધાન્ય આપવું.

૨: એબસ્ટ્રેકટ બીલોથી ઉપાડેલ નાણામાંથી તા.૩૧.૩.૨૦૨૨ પછીના દિવસોમાં કોઈપણ સંજોગોમાં ખર્ચ કરવો નહિ. જો નાણાં વધે તો તા.૩૧.૩.૨૦૨૨ સુધીમાં જે તે બજેટ હેડે રીફંડ તરીકે યુનિવર્સિટી ફંડમાં પરત જમા કરાવી દેવાના રહેશે.

૩: માહે માર્ચ-૨૨ માસના મજુર મસ્ટરના બીલોના ચુકવણા ચાલુ માસમાં કરવાના થતા હોય તો તા.૩૦.૩.૨૦૨૨ સુધીમાં તૈયાર કરી બીલો મોકલી આપવાના રહેશે.

૪: તમામ પ્રકારના બીલો રજુ કરતી વખતે મજુર થયેલ ગ્રાન્ટ કરતા વધારે ખર્ચ ન થાય તેની પુરતી તકેદારી રાખવી.તેમજ ગ્રાન્ટ મેળવી લેવાની શરતે માયનસ ગ્રાન્ટમાં જે બીલો અગાઉ રજુ કરવામાં આવ્યા હોય તેવા કિસ્સામાં જરુરી ગ્રાન્ટ તાત્કાલિક મેળવી લેવાની રહેશે. હવે પછી સક્ષમ અધિકારીશ્રીની મંજુરી સિવાય માઈનસ ગ્રાન્ટમાં બીલો રજુ કરવા નહિ.


**Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.**

૫:	પ્લાન/નોનપ્લાન/આઈસીએઆર/અધર એજન્સી યોજનામાં ખર્ચ કરવા માટે વખતોવખતની સુચનાઓને ધ્યાને રાખી ખર્ચ કરવાનો રહેશે.

૬:	ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન કચેરીની કોઈપણ પ્રકારની આવક તા.૩૦.૩.૨૦૨૨ બપોરના ૧૨–૦૦ વાગ્યા સુધીમાં એન.એ.યુ.ફંડ/એન.એ.યુ. રીવોલ્વીંગ ફંડ/કે.વી.કે.રીવોલ્વીંગ ફંડ ખાતે જમા કરાવી તેના ચલણો તે જ દિવસે અત્રેની કચેરીમાં રજુ કરવાના રહેશે. જેથી ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન આવક જેતે સદરે જમા લઈ શકાય.

૭:	પ્રિ.ઓડિટનાં રૂા.૧ લાખથી ઉપરના બીલોના તા.૨૫–૩–૨૦૨૨ સુધીમાં રજુ કરવા.

ઉપરોકત પરિપત્ર હિસાબ નિયામકશ્રીની મંજુરી મેળવીને બહાર પાડવામાં આવે છે જેનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

**વહીવટી વ હિસાબી અધિકારી**

જા.નં. નકૃયુ/વવહિઅધિ/બી.પ./ ૭૭૩ /૨૦૨૨
નવસારી.તારીખઃ– ૦૮–૦૩–૨૦૨૨.

**<u>નકલ સવિનય રવાનાઃ</u>**
૧:	તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ
૨:	હિસાબ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી.નવસારી.
૩:	તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તથા ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતુ થવા સારુ.

**<u>નકલ રવાનાઃ</u>**
૧:	અત્રેની કચેરીના તમામ ટેબલો તરફ જાણ સારૂ.

**Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.**